સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

# <u>પ્રેસનોટ</u>

**સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર)ના ગામતળના ટીકા નં.૦૯, કોઝવે રોડ પર ચાલતી અમદાવાદી તવા ફ્રાય થી શાલીમાર બિરયાની સુધીનાં દબાણ તા.૨૭/૦૪/૨૦૧૭ના રોજ દૂર કરવાની કામગીરી.**

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં આવેલ રાંદેર ગામતળમાં ટીકા નં.૦૯ માં કોઝવે જવાના રોડ પર ગેરકાયદેસર રીતે શેડ તથા હોટલો નામે " અમદાવાદી તવા ફ્રાય" " શાલીમાર બિરયાની" તેમજ " આલીશાન બિરયાની " નામની હોટલોના કાચા–પાકાં લાકડા / લોંખડનાં ટેકા, પતરાં તેમજ ગ્રાઉન્ડ લેવલે પ્લીન્થ બનાવેલ હતી. જે અંગે મિલ્કતદારોને પશ્ચિમ ઝોન મારફત વારંવાર નોટીસો આપવામાં આવેલ. પરંતુ મિલ્કતદારો તરફથી કોઈ રજૂઆત કરવામાં આવેલ ન હતી. તેમજ ઉકત મુજબનું બાંધકામ દૂર કરવામાં આવેલ નહીં. જેથી આજરોજ તા.૨૭/૦૪/૨૦૧૭ના રોજ પોલિસ બંદોબસ્ત સાથે રાખી, પશ્ચિમ ઝોનનાં સ્ટાફ મારફત, ઉકત જગ્યાએ લાકડાં / લોંખડનાં ટેકાં, જાહેરાતનાં બોર્ડ, પતરાની છત તેમજ પ્લીન્થ લેવલ વિગેરે આશરે–૫૦૦૦ ચો.ફૂટ નાં માપ વિસ્તારમાં કરવામાં આવેલ બાંધકામ દૂર કરવામાં આવેલ છે. વધુમાં સદર તોડવામાં આવેલ બાંધકામનું મટીરીયલ્સ / છારૂ સ્થળ પર થી દૂર કરવાની કામગીરી હાલ ચાલુ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)નાં એડી. સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ, કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા સ્થળ પર હાજર રહી ૧–ડે. ઈજનેર, ૫–જુની. ઈજનેર / આસી ઈજનેર, ૧–સુપરવાઈઝર, ૧–ટેક. આસીટન્ટ, ૧–વિડીયો ગ્રાફર, ૧–ફોટોગ્રાફર, કુલ–૫૦ બેલદારો, કુલ–૩ મઝદા ગાડી / ટ્રક, ૨–જે.સી.બી., કુલ–૨૦ સિકયોરીટી સ્ટાફ / માર્શલ તેમજ રાંદેર ઝોનનાં શહેર વિકાસના સ્ટાફ, દબાણના સ્ટાફ તથા રાંદેર પોલિસ સ્ટેશનનાં ૧–પી.આઈ.શ્રી, ૧–પી.એસ.આઈ.શ્રી, ૧૦–પોલિસ કોનસ્ટેબલ, ૫–મહિલા કોનસ્ટેબલનાં સ્ટાફના સાથ અને સહકારથી કોઈપણ અણબનાવ ન બને તેની કાળજી લઈ સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

# સુરત મહાનગરપાલિકા
## યુ.સી.ડી. વિભાગ
## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન વિસ્તારમાં તા. ૩૦/૦૪/'૧૭ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.

**વિષય :- તા.૩૦/૦૪/'૧૭ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન વોર્ડ.નં.-૧(રાંદેર-જહાંગીરપુરા-વરીયાવ), વોર્ડ નં.૯(અડાજણ-પાલ-પાલનપુર), વોર્ડ નં.-૧૦(અડાજણ-ગોરાટ) જોગાણી નગર પાર્ટી પ્લોટ, પ્રાઈમ આર્કેડ પાસે, આનંદ મહેલ રોડ, સુરત ખાતે યોજાનાર "સેવાસેતુ" કાર્યક્રમ બાબત.**

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૩૦/૦૪/'૧૭ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન વોર્ડ.નં.-૧(રાંદેર-જહાંગીરપુરા-વરીયાવ), વોર્ડ નં.૯(અડાજણ-પાલ-પાલનપુર), વોર્ડ નં.-૧૦(અડાજણ-ગોરાટ) જોગાણી નગર પાર્ટી પ્લોટ, પ્રાઈમ આર્કેડ પાસે, આનંદ મહેલ રોડ, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

**"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૬/૦૪/૧૭થી ૩૦/૦૪/૧૭ દરમ્યાન ઐતિહાસિક/ધાર્મિક સ્થળોની સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૧૬/૦૪/૧૭ થી તા.૩૦/૦૪/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૧૮/૦૪/૧૭નાં રોજ **"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે તા.૨૭/૦૪/૧૭ સુરત શહેરમાં આવેલ ઐતિહાસિક તેમજ ધાર્મિક સ્થળોની દિવાલોએ સ્વચ્છતાલક્ષી ભીત સુત્રો ચીતરાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૭/૦૪/૧૭નાં રોજ કાર્યપાલક ઈજનેરશ્રી અને આરોગ્ય અધિકારીશ્રીઓએ તેઓનાં ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગની સંકલિત ટીમો બનાવી ઝોનમાં આવેલ ધાર્મિક/ઐતિહાસિક સ્થળોની દિવાલો તેમજ આજુબાજુની કંપાઉન્ડ વોલની ભીતો ઈજનેર વિભાગ ધ્વારા પાણીની સ્વચ્છ કરાવી ગેરૂ, ચુનો, સફેદ રંગનું દિવાલ પર બેક ગ્રાઉન્ડ તૈયાર કરાવ્યા બાદ સ્થાનિક ચિત્રકારો પાસે સુરત શહેર/દેશ સ્વચ્છ બનાવવા માટેનાં સ્વચ્છતાલક્ષી ભીત ચિત્રો તથા સ્વચ્છ સુરત–સ્વસ્થ સુરત વિગેરેનાં જુદાં જુદાં ચિત્રો/સુત્રો દિવાલો પર લખાવી પ્રજાજનો નો પ્રચાર પ્રસાર અર્થેની કામગીરી કરાવવામાં આવેલ હતી. ત્યારબાદ આરોગ્ય વિભાગની ટીમ ધ્વારા સદર સ્થળોની આજુબાજુનાં રસ્તાઓ બ્રશ–બુટારાથી સફાઈ તથા સાઈડ સ્કેપીંગ વિગેરે કરાવી કચરો–કચરામિશ્રીત માટીનાં ઢગલાઓનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| ધાર્મિક/ ઐતિહાસિક સ્થળોની સંખ્યા | ભીત ચિત્રો/સુત્રો માટે ભાગ લેનાર ચિત્રકાર | ભકતજનો/ નાગરીકો/ ધર્મગુરૂઓ | સુપરવાઈઝર | કામદારો | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૫૩ | ૧૮ | ૨૪ | ૬૩ | ૦.૪૫૦ | ૧૨૫ |

વધુમાં આ ટીમો ધ્વારા ધાર્મિક/ઐતિહાસિક સ્થળોની આજુબાજુ રહેતા નાગરીકોને સ્વચ્છતા રાખવા તેમજ કચરાનું વર્ગીકરણ કરી ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ આપવવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં

# પ્રે સ નો ટ

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) અને ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૨૪/૦૪/૨૦૧૭, તા.૨૫/૦૪/૨૦૧૭ તથા તા.૨૬/૦૪/૨૦૧૭નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ લારીઓ/સંસ્થાઓ ચેક કરી,આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થા/લારી નું નામ | સંસ્થા/લારી નું સરનામુ |
|---|---|---|
| ૧ | ગુરૂકૃપા ગાઠીયા હાઉસ (ટેમ્પો) | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૨ | શ્રી ગણેશ વડાપાંઉ એન્ડ સેન્ડવીચ (ટેમ્પો) | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૩ | શ્રી ગણેશ વેજ ખાવસા એન્ડ બટેકા ભુંગળા | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૪ | શ્રી ગણેશ દાબેલી | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૫ | ચામુંડા આલુપુરી | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૬ | રાજેશ પાણીપુરી | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૭ | બિમલેશ પાણીપુરી | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૮ | સુનીલ પાણીપુરી | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૯ | ફાઈસ સ્ટાર આમલેટ | કેનાલ રોડ, પુણા સીમાડ, સુરત |
| ૧૦ | સાંઈરાજ આમલેટ | કેનાલ રોડ, પુણા સીમાડ, સુરત |
| ૧૧ | સાંઈરાજ આમલેટ | કેનાલ રોડ, પુણા સીમાડ, સુરત |
| ૧૨ | શીગ કાફે | કેનાલ રોડ, પુણા સીમાડ, સુરત |
| ૧૩ | ગાંઠીયા ફાફડા સેન્ટર (ટેમ્પો) | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૧૪ | વણેલા ગાંઠીયા એન્ડ ચિપ્સ | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૧૫ | ગુરૂકૃપા દાબેલી | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૧૬ | બાપા સીતારામ આલુપુરી એન્ડ મસાલા પાઉં | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૧૭ | શિવ સોડા સરબત | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૧૮ | શ્રીનાથ આઈસક્રીમ | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૧૯ | ગુપ્તા પાણીપુરી | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૨૦ | ગાયત્રી ખમણ એન્ડ જમ્બો વડાપાંઉ | સીતાનગર ચાર રસ્તા, પુણાગામ, સુરત |
| ૨૧ | બોમ્બે બિરયાની | ઈદગાહ રોડ, લિંબાયત, સુરત |
| ૨૨ | બિસ્મીલાહ નાસ્તા સેન્ટર | મારૂતીનગર, લિંબાયત, સુરત |
| ૨૩ | અપના વડાપાંઉ સેન્ટર | સતાદર બિલ્ડીંગ પાસે, લિંબાયત, સુરત |
| ૨૪ | સલમાન આમલેટ સેન્ટર | મદીના મસ્જીદ પાસે, લિંબાયત, સુરત |
| ૨૫ | ગરીબ દરબાર હોટલ | મદીના મસ્જીદ પાસે, લિંબાયત, સુરત |
| ૨૬ | મદીના ચીક સેન્ટર | મદીના મસ્જીદ પાસે, લિંબાયત, સુરત |
| ૨૭ | રાજા ચીકન | મદીના મસ્જીદ પાસે, લિંબાયત, સુરત |

| | | |
|---|---|---|
| ૨૮ | સવેરા રેસ્ટોરેન્ટ | ૬૯, સર્વે નં.-૪૨, લિંબાયત, સુરત |
| ૨૯ | આયીઆના ખાના સેન્ટર | પ્લોટ-૪૭, લિંબાયત, સુરત |
| ૩૦ | આલ્લા ફુડ નોનવેજ | પ્લોટ-૩૩,૩૪, લિંબાયત, સુરત |
| ૩૧ | ચિશ્તીયા રેસ્ટોરેન્ટ | દુ. નં-૧, લિંબાયત, સુરત |
| ૩૨ | અખીલ આમલેટ એન્ડ ચીકન બીરયાની | દુ. નં-૨, લિંબાયત, સુરત |
| ૩૩ | એ-વન ચીકન બિરયાની | સીનેમા રોડ, સુરત |
| ૩૪ | ભારત રસ હાઉસ | સીનેમા રોડ, સુરત |
| ૩૫ | હોટલ રીલીફ | સીનેમા રોડ, સુરત |
| ૩૬ | કિશોર કોલ્ડ્રીંક | ૭/૪૫૨૦, બદરી રોડ, સુરત |
| ૩૭ | મસાલા ઢોસા સ્ટોલ (પ્રકાશભાઈ શંકરલાલ નાપર) | બેગમપુરા, મોટી ટોકીઝની સામે, સુરત |
| ૩૮ | K.G.N. આલુપુરી | બેગમપુરા, મોટી ટોકીઝની સામે, સુરત |
| ૩૯ | ચાઈનાટાઉન ચાઈનીઝ | બેગમપુરા, મોટી ટોકીઝની સામે, સુરત |
| ૪૦ | લાલા આમલેટ સેન્ટર | બેગમપુરા, મોટી ટોકીઝની સામે, સુરત |
| ૪૧ | બોબી આમલેટ સેન્ટર | બેગમપુરા, મોટી ટોકીઝની સામે, સુરત |
| ૪૨ | એ-વન ટી સેન્ટર | સ્ટેશન રોડ, ડાગી શેરી, સુરત |
| ૪૩ | રૂપાલી રેસ્ટોરેન્ટ | સીનેમા રોડ, સુરત |
| ૪૪ | સીનેરા રેસ્ટોરેન્ટ | ૭/૪૭૨૮, બદ્રી રોડ, સુરત |
| ૪૫ | સાગર ચાઈનીઝ | બેગમપુરા, મોટી ટોકીઝની સામે, સુરત |
| ૪૬ | વિજય પાઉભાજી સેન્ટર | બેગમપુરા, મોટી ટોકીઝની સામે, સુરત |
| ૪૭ | શ્રી સાંઈકૃપા ભજીયા સેન્ટર | બેગમપુરા, મોટી ટોકીઝની સામે, સુરત |
| ૪૮ | પારસ ભજીયા સેન્ટર | બેગમપુરા, મોટી ટોકીઝની સામે, સુરત |
| ૪૯ | શ્રી કૃપા ભજીયા સેન્ટર | બેગમપુરા, મોટી ટોકીઝની સામે, સુરત |
| ૫૦ | ચીરાગ આલુપુરી | બેગમપુરા, મોટી ટોકીઝની સામે, સુરત |
| ૫૧ | શ્રી રાજેશ્વરી ફરસાણ માર્ટ | ૪/૪૨૭૫, બેગમપુરા, સુરત |

તેમજ આશરે ૩૪ કિલો અખાદ્ય પદાર્થ જેવા કે ચટણી, સોસ, પાણી, બટાકાનો મસાલો, બરફ, તૈયાર અખાદ્ય ખોરાક વિગેરેનો નાશ કરાવેલ છે. તેમજ ડિસ્પોઝલ ડીશ, ગ્લાસ, ચમચીનો ઉપયોગ કરવા જરૂરી સુચના આપવામાં આવેલ છે. તથા કુલ-૫૧ નોટીસ આપવામાં આવેલ છે

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં......0097....

તા.૨૯/૦૪/૨૦૧૭

# પ્રેસનોટ

મા. કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશાનુસાર અને મે.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિ.) અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનમા આવેલ પુણા–સીમાડા વોર્ડ વિસ્તારમાં પુણાવોર્ડ ના આરોગ્ય વિભાગ ના એસ.આઈ.અને.એસ.એસ.આઈ. દ્વારા કુત્રિમ રીતે પકવતા ફળો નું સઘન ચેકીગ તા.૨૮/૦૪/૨૦૧૭ ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન કરવામાં આવેલ તે દરમ્યાન પુણા ગામ વિસ્તારમાં કલ્યાણનગર ખાતે નાં શ્રી પ્રદિપભાઈ પરમાત્માભાઈ ગોવી ની વખારમાં કેરી અને કેળા નું ચેકીગ હાથ ધરતા કુત્રિમ રીતે કાર્બાઈટ થી પકવેલી કેરી નો જથ્થો તથા કુત્રિમ રીતે પકવતા કેળા નો જથ્થો મળી આવેલ જે કુલ ૩૦૦ કિ.ગ્રા કેરી નો જથ્થો તથા ૪૫૦ કિ.ગ્રા કુત્રિમ રીત પકવતા કેળાનો જથ્થો મળી કુલ ૭૫૦ કિ.ગ્રા જથ્થો નો જંતુનાશક દવા નો છંટકાવ કરી અને ૭ કિ.ગ્રા કાર્બાઈટ સહીત નો નાશ કરવામાં આવેલ અને વખાર ના માલિક શ્રી પ્રદિપભાઈ પરમાત્માભાઈ ગોવી પાસે થી રૂ.૧૦.૦૦૦/–(અંકે રૂ દસ હજાર પુરા) નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં..9 8......
તા. ૨૮/૦૪/૧૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## <u>પ્રેસનોટ</u>

મા.કમિશ્નરશ્રી દ્વારા તા.૨૭/૦૪/૧૭ના રોજ મળેલ વાયરલેસ મેસેજ મુજબ દિલ્હીગેટ, ઉનાપાણી રોડ, ઓવરબ્રીજ ઉપર આવેલ લાઈટપોલનાં થાંભલા પર "ઝેનીક્ષ" મશીનની એડવર્ટાઈઝના લાગેલ પોસ્ટરો દુર કરવા તેમજ લાગત સંસ્થાના વહીવટકર્તા સામે યોગ્ય કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ હતુ.

જે અનુસાર સેન્ટ્રલઝોનનાં વોર્ડ નં. ૭/બી/રૂઘનાથપુરાના વિભાગીય કચેરીના મુખ્યઆરોગ્ય નિરીક્ષક તથા આરોગ્ય નિરીક્ષક દ્વારા સ્થળ તપાસ કર્યા બાદ લાગત જાહેરાતના બોર્ડ લગાવનાર "યુનિટી એન્ટરપ્રાઈઝ" સંસ્થાનાં વહીવટકર્તા શ્રી મનીષ શર્માનો સંપર્ક કરી સ્થળ પર રૂબરૂ બોલાવી તેઓના સ્ટાફ દ્વારા સદર બ્રીજના લાઈટપોલ પર લગાવેલ જાહેરાતના બોર્ડ/પોસ્ટરો દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ તેમજ તેઓ પાસે રૂ.૮૦૦૦/-(અંકે રૂપિયા આઠ હજાર)નો વહીવટી ચાર્જ સ્થળ પર વસુલાત કરી આ પ્રકારની કાર્યવાહી ન કરવા માટેની સખ્ત સુચના આપવામાં આવેલ.

:::::::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0099

તા.૨[illegible]/૦૪/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૧૦૦

# પ્રેસ નોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા નોર્થ ઝોન વિસ્તારમાં તા.૨૯/૦૪/૧૭ ને શનિવાર ના રોજ પારસવોડ વિસ્તારમાં આવેલ કતારગામ દરવાજા થી કુબેરનગર–૧,કતારગામ મેઈન રોડ થઈ જલારામ ડેરીની બાજુમાં રવિ કેરી ભંડાર તથા વેડ રોડ કોલેજની સામે આવેલ અન્ય કેરીના સ્ટોલોની આરોગ્ય વિભાગ ધ્વારા ચકાસણી કરી સ્કોડની કામગીરી કરવામાં આવેલ હતી .

આરોગ્ય વિભાગ ધ્વારા કેમીકલ(કાર્બાઈડ) યુકત પકવવામાં આવતી ૧૫૪ કિ.ગ્રા.કેરી જપ્ત કરી તેનો નિકાલ કરવામાં આવેલ. ૦૪– ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ તેઓ પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા. ૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટિક –૦૫ કિ.ગ્રા. જપ્ત કરેલ છે. સ્કોડમાં **નાયબ આરોગ્ય અધિકારી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક તેમજ મદદનીશ આ.નિ. ધ્વારા રૂબરૂ સ્થળ તપાસ કરતા આ સંસ્થાઓમાંથી માં આરોગ્ય લક્ષી ખામી જણાતા સંસ્થાન** વહિવટી ચાર્જ તરીકે રૂા. **૧૫,૦૦૦/–** વસુલ કરવામાં આવેલ છે.વધુમાં વેડ રોડ પર આવેલ કેરીના સ્ટોલ તથા જય અંબે ગેસ એજન્સીની ચકાસણી દરમ્યાન આરોગ્ય લક્ષી ખામી બાબતે **રૂા, ૫૦૦૦/–** વ.પ.ચાર્જ અને નજીકમાં આવેલ અન્ય સંસ્થાને ચેક કરતા જણાયેલ ખામી અંગે **રૂા.૫૦૦૦/–** વહીવટી ચાર્જ વસુલ કરેલ છે.

ઉપરોકત સ્કોડની કામગીરી દરમ્યાન આરોગ્ય વિભાગ ના સેનીટેશન વિભાગ ધ્વારા ચકાસણી ખામી જણાતા કુલ્લે ૦૪– ઈસમો પાસેથી વ.પ.ખર્ચ પેટે કુલ્લે ટોટલ **રૂા,૨૫૦૦૦/–** વસુલ કરેલ છે.

૧૦૧

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમ** |

**<u>વિષય:</u> <u>માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમના તા.૨૧/૦૪/૨૦૧૭ થી તા.૨૭/૦૪/૨૦૧૭ સુધીની કરેલ કામગીરી અને આવકની માહિતી</u>**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૧/૦૪/૨૦૧૭ થી તા.૨૭/૦૪/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન (કતારગામ), ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૯૬,૦૫૦/- તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૮,૪૮૦ ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૮૨.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૨૫.૨૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૮૧ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૯૬,૦૧૦/- ની વસુલાત કરવામાં આવેલ છે અનેપશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખળતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ –૧૯૫૧ ની કલમ – ૯૦ (એ)(૧) મુજબ –૦૪ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ .

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૨૫,૭૬૦ અને ૯,૯૫૮ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૩,૨૯,૦૫૦/- અને રૂા.૩,૭૩,૪૧૦/- રકમ મળી કુલ રકમ રૂા.૭,૦૨,૪૬૦/- મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

## સુરત મહાનગર પાલિકા
## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
## અખબારી યાદી

# ડ્રાય ડે

### સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૨૯/૦૪/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં નૂરી મહોલ્લો, દાતણીયાવાડ,અપર્ણ એપાર્ટમેન્ટ,પંજાવા મહોલ્લો કદમચવન,અમીનાબીબીની વાડી,અકબર સઈદનો ટેકરો,ગોપીતળાવ જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં સુભાષ નગર,રહેમત બાપુની ચાલ,ઈ.ડબ્લ્યુ.એસ આવાસ,સૌરભ પોલીસ ચોકીની પાછળ, દીપજ્યોત સોસાયટી,નાના નાની ગાર્ડન પાસે,એસ.એમ.સી.ક્વાટર્સ,એકતાનગર ઝુપડપટ્ટી ,એકતાનગર ક્વાટર્સ,મણિપુરૂષોતમ નગર,વરિયાવ તારવાડી, જેવા વિસ્તારમાં,ઉધના ઝોનમાં સંજયનગર રોડ નં. ૫,૬, જી.ઈ.બી., ક્રિષ્ણાનગર, ગોવિંદનગર, ગણેશનગર, તુપ્તિનગર, જયઅંબેનગર, શ્રીનાથજી, યુવરાજનગર, મહાવીરનગર જેવા વિસ્તારોમાં લિંબાયત ઝોનમાં શ્રીનાથનગર–૨,૩,૪,અનવરનગર,આંબેડકરનગર,ગણપતિધામ–૧,૨,તિરૂપતિનગર,શ્રીનાથ નગર, સંતોષીનગર,સીતારામનગર, ખોડીયાર નગર, ભરવાડ વસાહત,વૃંદાવનનગર–૧,૨, કિષ્નાનગર–૧,૨ જેવા વિસ્તારોમાં અઠવા ઝોનમાં ઓલપાડી મહોલ્લો, પનાસગામ, જલારામ ફળિયું, હળપતિવાસ ડો.આંબેડકર નગર,ટેનામેન્ટ સ્ટાફ ક્વાટર્સ, અલથાણ હળપતિવાસ,દરજીવાડ હળપતિવાસ જેવા વિસ્તારોમાં,કતારગામ ઝોનમાં વણઝારા વાસ,હળપતિવાસ,પ્રભુનગર–૧, વિજય નગર,મિલિન્દ નગર,રીલાયન્સ નગર ગુ.હા.બોર્ડ,એચ–૫ આવાસ જેવા વિસ્તારોમાં,વરાછા ઝોનમાં વસંતભીખાની વાડી, નરસિંહ મંદિર ઝું., પાટીચાલ,રાણા પંચની વાડી, સુથાર પંચની વાડી થી લાલબાવાનો અખાડો, શ્રીરામનગર સો., મરઘાકેન્દ્ર સો.,ચોવીસા ટેકરા, બ્રાહ્મણ ફળિયુ, માળી ફળિયુ,પીર ફળિયું, રોહિત ફળિયું જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 32697 | 75542 | 291 | 12342 | 809 | 2320 | 98 | 57000 | 108 | 51994 | 17449 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.
તા. ૨૯–૦૪–૨૦૧૭

# પ્રેસનોટ

આજરોજ તા.૨૯–૦૪–૨૦૧૭ ના શનિવારે માન. ડે.કમિશ્નરશ્રી (પી એન્ડ ડી) અને માન. કમિશ્નરશ્રીની સુચના હેઠળ ઉધના–ભેસ્તાન મેઈન રોડને લાગુ ભેડવાદ ખાડી પાસે હયાત ખાડીની બાજુમાં આવેલ મોજેઃ ભેદવાડના રે.સર્વે નં. ૧ (બરોડા રેયોન કોર્પોરેશન) ની ખાડીને લાગુ ૪૫.૦૦ મી. ના રસ્તામાં કપાત થતી અંદાજે બાર હજાર ચો.મી. જગ્યાનો કબ્જો સ્થળ પર જઈ ટાઉન પ્લાનીંગ ખાતા ધ્વારા મેળવવામાં આવેલ છે. સદરહુ જગ્યાનો કબ્જો મોજેઃ ભેદવાડના રે.સ.નં. ૧ વાળી જમીનમાં પ્લાન મંજુર કરતી વખતે જમીન માલિકો ધ્વારા સ્વેચ્છાએ સુરત મહાનગરપાલિકાને સોંપેલ હતો. સદર ૪૫.૦૦ મી. નો રસ્તો ડીંડોલી તરફથી રેલ્વે લાઈનને ક્રોસ કરીને પ્રમુખ પાર્ક અને બરોડા રેયોનની વચ્ચેથી પસાર થઈ ઉધના–નવાસરી મેઈન રોડને જોડશે. જેથી સમગ્ર સાઉથ–ઈસ્ટ (લિંબાયત) ઝોન અને સાઉથ ઝોન (ઉધના) વિસ્તારને જોડતો એક સળંગ નવો રસ્તો મળી રહેશે.

સદરહુ કામગીરી માટે સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી, ટાઉન પ્લાનરશ્રી, એડવાઈઝરશ્રી તથા ટાઉન પ્લાનીંગ અને ઉધના ઝોનના સ્ટાફ તથા પોલીસ સ્ટાફ મળી અંદાજીત ૬૦ જેટલા ટેકનીકલ / નોન ટેકનીકલ /પોલીસ સ્ટાફે ફરજ બજાવેલ છે.

**૧૦૪**

**"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૬/૦૪/૧૭થી ૩૦/૦૪/૧૭ દરમ્યાન ઐતિહાસિક/ધાર્મિક સ્થળોની સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૧૬/૦૪/૧૭ થી તા.૩૦/૦૪/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૧૮/૦૪/૧૭નાં રોજ **"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૮/૦૪/૧૭ સુરત શહેરમાં આવેલ ઔતિહાસિક મહત્વ ધરાવતા પૌરાણીક અર્વાચીન, પ્રાચીન ધાર્મિક સ્થળોની આસપાસ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૮/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ પૌરાણીક, અર્વાચીન, પ્રાચીન ધાર્મિક સ્થળે મંદિર/મસ્જિદનાં ટ્રસ્ટીઓ, કાર્યકર્તા, ધર્મગુરૂઓ, મૌલાના, શિષ્ય/નગરજનો તેમજ આરોગ્ય વિભાગની સંયુકત ટીમો બનાવી આ ટીમો ધ્વારા ઝોનમાં આવેલ પૌરાણીક, અર્વાચીન, ઔતિહાસિક સ્થળ/ઈમારતો પાણીથી સ્વચ્છ કરાવ્યા બાદ સદર સ્થળોની આજુબાજુ ધનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવી કચરો/કચરામિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવી જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| પ્રાચીન ધાર્મિક/ ઔતિહાસિક સ્થળોની સંખ્યા | સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ધાર્મિક ગુરૂઓ | ભકતજનો/નાગરીકો | સુપરવાઈઝર | કામદારો | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
| ૩૬ | ૪૧ | ૯૨ | ૧૬ | ૧૦૫ | ૦.૭૫૦ | ૩૦૦ |

વધુમાં આ ટીમો ધ્વારા સદર મંદિર/મસ્જિદ/ઔતિહાસિક સ્થળ/ઈમારતોની આજુબાજુ રહેતા નાગરીકોને સ્વચ્છતા રાખવા તેમજ કચરાનું વર્ગીકરણ કરી ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ આપવવામાં આવેલ હતું

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૦૫

"**વર્લ્ડ હેરીટેજ ડે**" નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૯/૦૪/૧૭ના રોજ ડ્રાય ડે મચ્છર નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/ર્કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૮/૦૪/૧૭ના રોજ " **વર્લ્ડ હેરીટેજ ડે**" નિમિતે તા.૨૯/૦૪/૧૭ નાં રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટમાંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૯/૦૪/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./ આરોગ્યનો સ્ટાફ તેમજ NGOના પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૨૬૯૭ | ૭૫૫૪૨ | ૨૯૧ | ૧૨૩૪૨ | ૮૦૯ | ૨૧૫૯ | ૯૮ | ૫૭૦૦૦ | ૧૦૮ | ૫૦૮૬૭ | ૧૭૪૪૯ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરના ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

<u>**વિષય**</u> : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૨૭ થી ૩૦–૦૪–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૨૭૮ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૨૫૫૬કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાદ્ય પદાર્થોનું ૮૧૨ સ્થળે ચેકીગ કર્યુ, જે પૈકીૂ૩૨૨ સંસ્થાઓને નોટીસ આપી તથા ૩૬સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ ૨૭૦ ચેકી કરી જે પૈકી ૭૬ સંસ્થાઓને નોટીસ આપીતથા ૧સંસ્થાઓને બંધ કરાવેલ હતી.દુધની ડેરી–૨૧૪ ચેકી કરી જે પૈકી ૫૪ સંસ્થાઓને નોટીસ આપીતથા ૧સંસ્થાઓને બંધ કરાવેલ હતી.બરફની ફેકટરી કુલ ૧૬ સંસ્થા ચેક કરી તે પૈકી ૧૧ સંસ્થાઓને નોટીસ આપી.બરફનું વેચાણ કરનાર ૭૬સંસ્થા ચેક કરી જે પૈકી ૩૧સંસ્થાઓને નોટીસ આપીતથા ૧સંસ્થાને બંધ કરાવેલ હતી.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ તથા ડે.મ્યુ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૧, નોંધ નં.૧૫૦૭/અ/૧, ૧૫૦૭/અ/૨, ૧૫૧૪/અ/૨/અ/૧, ૧૫૧૪/અ/૨/અ/૨, ગોધા સ્ટ્રીટ, નાનપુરા, વાળી મિલ્કતમાં મિલ્કતદાર ઘ્વારા મંજુર પ્લાન વિરુઘ્ધનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં અત્રેથી મિલ્કતદારને તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ એન્ટ્રી નોટીસ આપી આશરે ૧૬૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ બીમ–કોલમ તથા ચણતર સહિતનું ગેરકાયદેસર બાંધકામ આજે તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ અત્રેથી તોડી દૂર કરી રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ અન્ય એક મિલ્કત વોર્ડ નં.૦૭, નોંધ નં.૩૨૧૦/અ–બ, રામપુરા વાળી મિલ્કતમાં મિલ્કતદાર ઘ્વારા મંજુર થયેલ ગ્રાઉન્ડ ફલોર પર પાર્કીંગવાળા ભાગમાં દુકાનો બનાવવામાં ઈરાદે કરેલ ચણતર તથા શટરો દુર કરી અંદાજીત ૬૦૦ ચો.ફુટનું પાર્કીંગ આજરોજ તા.૦૧/૦૫/૨૦૧૭ નાં રોજ ખુલ્લુ કરી રૂા.૨૫,૦૦૦/– ડીમોલેશન/વહીવટી ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

મા. કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશાનુસાર તેમજ મે.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિ.) અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનમા આવેલ સેનીટેશન આરોગ્ય વિભાગના કરંજ વોર્ડ માં આવેલ લંબેહનુમાન રોડ, માતાવાડી સર્કલ તેમજ નાનાવરાછા વોર્ડના ચીકુવાડી વિસ્તારમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સુપરવિઝન હેઠળ આરોગ્ય વિભાગ ના મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનિશ આરોગ્ય નિરીક્ષકની ટીમ દ્વારા કુત્રિમ રીતે પકવતા ફળો નું સઘન ચેકીગ તા.૦૨/૦૫/૨૦૧૭ ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન કરવામાં આવેલ તે દરમ્યાન કુલ ૧૩ સંસ્થા ચેક કરી તે પૈકી ૦૩ ઈસમો કાર્બાઈડથી કેરી પકવતા ઝડપાયેલ. જેમા લંબેહનુમાન માતાવાડી વિસ્તારમાં (૧)" વિનોદ આમ સેન્ટર " નામની સંસ્થાના માલિકશ્રી વિનોદભાઈ રામમુરત શંકર અને (૨)મુકેશભાઈ શામળાભાઈ વાઘમસી તેમજ નાનાવરાછા ચીકુવાડી વિસ્તારનાં (૩)રમેશભાઈ શ્રી હબલાલની વખાર માં કેરીનું ચેકીગ હાથ ધરાતા કુત્રિમ રીતે કાર્બાઈડ થી પકવેલી કેરી નો જથ્થો મળી આવેલ જેમાં કુલ ૧૧૬૦ કિ.ગ્રા કેરી નો જથ્થો નાશ કરી ૦૫ કિ.ગ્રા કાર્બાઈડ સહીત નો નાશ કરવામાં આવેલ.

ઉપરાંત આરોગ્ય વિભાગની ટીમે ફુડ સેફટી ઓફિસર સાથે લંબેહનુમાન વોર્ડના ઉધરસ ભૈયાની વાડી વિસ્તારમાં કેળા પકવતી સંસ્થાઓમાં ચેકીંગ હાથ ધરી કુલ ૧૨ સંસ્થા ચેક કરી તે પૈકી કૃત્રિમ રીતે કેળા પકવતા ૦૨ ઈસમો ઝડપાયેલ. જેમા (૧) અફઝલ સીદીકી (૨) રાજકુમાર સંસ્થા પાસેથી ૨૫૦ કિ.ગ્રા. કૃત્રિમ રીતે પકવાતા કેળાના જથ્થાનો નાશ કરવામાં આવેલ.

ઉપરોકત સમગ્ર ઝુંબેશ દરમ્યાન **કુલ ૧૪૧૦ કિ.ગ્રા** કૃત્રિમ રીતે પકવતા કેરી, કેળાનો નાશ કરી **૦૫ ઈસમોને** નોટીસ આપવામાં આવેલ. તેમજ ઝડપાયેલ તમામ વખાર ના માલિકો/ઈસમો પાસે થી **રૂા.૨૫,૧૦૦/–**(અંકે રૂપિયા પચ્ચીસ હજાર એકસો પુરા) નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

# અખબારી યાદી

સુરતઃ સુરત મહાનગરપાલિકાના ડે.કમિશનરશ્રી અને લિંબાયત ઝોનના ઝોનલ ચીફશ્રીની સુચના મુજબ લિંબાયત ઝોનની એન્જીનીયરીંગ, આરોગ્ય, આકારણી, પાણી અનતે ડ્રેનેજ વિભાગના સંયુક્ત ટીમને મહાપ્રભુનગર વિસ્તારમાં આવેલ પાંચ જેટલા તપેલા ડાઈંગ બંધ કરાવેલ છે. તેમજ માલ-સામાન જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

લીંબાયત ઝોનના મહાપ્રભુનગર સોસાયટીના રહેણાંક વિસ્તારમાં આવેલ (1) પ્લોટ નંબર-136, શાકીર રશીદખાન (2) પ્લોટ નંબર-153, મોહંમદ અઝીઝખાન (3) પ્લોટ નંબર-170, કમરખાન (4) પ્લોટ નંબર-265, સહજાદભાઈ તથા (5) પ્લોટ નંબર-311, શમરીન ફાતમાબેનના સ્થળોએ તપેલા ડાઈંગની કામગીરી આજરોજ બંધ કરાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર<br>
સમાચાર યાદી નંબર.....0109....<br>
તારીખ ૦૨-૦૫-૨૦૧૭

૧૧૦

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૨/૦૫/૧૭ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

**વિષય :–"મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" અંતર્ગત દબાણ વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી બાબત.**

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના વિવિધ વિસ્તારમાં આજરોજ સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનના શહેર વિકાસ સ્ટાફ તેમજ દબાણ સ્ટાફ દ્વારા સંયુકત દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં સોહમ સર્કલ થી વી.આઈ.પી. રોડ કેનાલ જંકશનના ફુટપાથ પર કન્ડમ પડી રહેલા ટુ–વ્હીલર નંગ–૩ જપ્ત કરવામાં આવેલ.
- વી.આઈ.પી.કેનાલ રોડ જંકશન થી ભીમરાડ ગામ સુધીના સમગ્ર કેનાલ રોડ પરથી ગેરકાયદેસર રીતે રસ્તા પર ઉભા કરવામાં આવેલ મોટા હોર્ડિંગ્સ નંગ–૨૮, નાના હોર્ડિંગ્સ નંગ–૦૬ દૂર કરવામાં આવેલ છે.
- ઉપરોકત સફાઈ ઝુંબેશના રૂટ પરથી ફુટપાથ તેમજ બિલ્ડીંગના પાર્કિંગવાળા ભાગે રાખવામાં આવેલ પ્લાસ્ટીકની ખુરશી નંગ–૨૬, પ્લાસ્ટીકના ટેબલ નંગ–૩, લાકડાનું કાઉન્ટર નંગ–૧, લોખંડના કાઉન્ટર નંગ–૨, પાનમસાલા(ગુટખા)થેલા નંગ–૨, અન્ય ચીજવસ્તુઓ નંગ–૯ નું દબાણ હટાવવામાં આવેલ છે. સદરહું કામગીરી દરમ્યાન કુલ સામગ્રી નંગ–૮૧ નું દબાણ દૂર કરી દબાણ ચાર્જ પેટે કુલ રૂા.૪,૫૦૦/– વસુલવામાં આવેલ છે.
- વધુમાં ઝીરો રૂટના રસ્તા પર દબાણ ઉભા ન થાય તે માટે બી.આર.ટી.એસ.કેનાલ રોડ ઈશ્વર ફાર્મ પાસે સર્વિસ રોડ ઉપર ઉભા કરવામાં આવેલ કેરીના ૫(પાંચ) સ્ટોલના દબાણને દૂર કરી રૂા.૬,૫૦૦/– દબાણ વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.
- સુરત–ડુમસ મેઈન રોડ ઉપર કાર શોરૂમના માલિકો દ્વારા અનઅધિકૃત રીતે પાર્ક કરવામાં આવતા વાહનો દૂર કરાવી રસ્તો ખુલ્લો કરાવી વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સદરહુ કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ તેમજ અત્રેના સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન ખાતેની વોર્ડ ઓફિસ નં.૨૬ ખાતે જાન્યુઆરી–૨૦૧૬ થી આજદિન સુધીના હાજરી પત્રકોની ચકાસણી કરતા કુલ–૬ સફાઈ કામદારો મોટેભાગે ગેરહાજર હોવાનું જણાયેલ. તેમ છતાં પગારના ડેટામાં ગેરહાજરીનો ઉલ્લેખ ન કરતાં હાજર બતાવી ડેટા મોકલવામાં આવેલ અને આ સફાઈ કામદારોના ખાતામાં પગાર જમા થઈ ગયેલ. જે અંગે વિજીલન્સ વિભાગ ધ્વારા તપાસ કરતા જે તે સમયે ઉધના ઝોન ખાતે સેનેટરી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી એન.કે.શુકલ (કર્મ.નં. ૧૧૬૪૮) તથા સેનેટરી સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી વાય.એફ.ચૌધરી (કર્મ.નં. ૩૪૪૫૫) જવાબદાર હોવાનું પુરવાર થતા તેઓ બંને કર્મચારીઓને તાત્કાલીક અસરથી ફરજમોકુફી હેઠળ મુકવામાં આવ્યા તેમજ જે તે સમયે સાઉથ ઝોન ખાતે ડેપ્યુટી મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ તરીકે ફરજ બજાવતા ડો.દિનેશ એમ. પટેલ તથા ડો.એસ.એસ.દાસ, ચીફ સેનેટરી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી પી.જી.મેઘાત, શ્રી એ.ડી.પરમાર, શ્રી એમ.એમ.અટોદરીયા તથા શ્રી પી. એ. ગજ્જર, સેનેટરી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી એમ. જે. રાઠોડ તેમજ સેનેટરી સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી એ. જી. રાઠવા મળી કુલ–૮ કર્મચારીઓ પણ ઉકત બાબતે વધારે–ઓછા અંશે જવાબદાર જણાયેલ હોય, તેઓને શો–કોઝ નોટીસ આપવામાં આવેલ છે. તેમજ કુલ–૬ સફાઈ કામદારોની અન્યત્રે બદલી કરી તેઓ પાસે વસુલાત લેવા અંગેની કાર્યવાહી કરવામાં આવનાર છે.

જનસંપર્ક વિભાગ તરફથી સાદર
સુરત મહાનગરપાલિકા

૧૧૨

# પ્રે સ નો ટ

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) અને ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૨૭/૦૪/૨૦૧૭નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ વરાછા ઝોનમાં નીચે જણાવેલ લારીઓ/સંસ્થાઓ ચેક કરી, આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થા/લારી નું નામ | સંસ્થા/લારી નું સરનામુ |
|---|---|---|
| 1 | ડી.કે. નાસ્તા હાઉસ | સહયોગ ચેમ્બર્સ, મીની બજાર, સુરત |
| 2 | શિવ દાબેલી | સહયોગ ચેમ્બર્સ, મીની બજાર, સુરત |
| 3 | જય જોગમાયા અમદાવાદી ખમણ પોઈન્ટ | માવાણી શોપીંગ સેન્ટર, મીની બજાર,વરાછા, સુરત |
| 4 | ભરકાદેવી આઈસક્રીમ એન્ડ અક્ષર સેન્ડવીચ | માવાણી શોપીંગ સેન્ટર, મીની બજાર,વરાછા, સુરત |
| 5 | અક્ષર પાંઉભાજી | અક્ષર ડાયમંડ માર્કેટ, મીની બજાર,વરાછા, સુરત |
| 6 | ભાવનગર લસણીયા બટાકા | કોહીનુર રોડ,મીની બજાર,વરાછા, સુરત |
| 7 | બાપા સીતારામ દાળપુરી | કોહીનુર રોડ,મીની બજાર,વરાછા, સુરત |
| 8 | જુની ઈશ્વર દાબેલી | કોહીનુર રોડ,મીની બજાર,વરાછા, સુરત |
| 9 | સ્પે.બોમ્બે બટર મસાલા ખીચીયાં | કોહીનુર રોડ,મીની બજાર,વરાછા, સુરત |
| 10 | વૈભવ ફરસાણ | માવાણી શોપીંગ સેન્ટર, મીની બજાર,વરાછા, સુરત |
| 11 | વૈશાલી વંડાપાંઉ | માવાણી શોપીંગ સેન્ટર, મીની બજાર,વરાછા, સુરત |
| 12 | જેની ફુડ ઝોન | માવાણી શોપીંગ સેન્ટર, મીની બજાર,વરાછા, સુરત |
| 13 | બ્રાહમણ ખમણ હાઉસ | માવાણી શોપીંગ સેન્ટર, મીની બજાર,વરાછા, સુરત |

તેમજ આશરે ૧૧ કિલો અખાધ પદાર્થ જેવા કે ચટણી, સોસ, પાણી, બટાકા, તૈયાર અખાધ્ય ખોરાક વિગેરેનો નાશ કરાવેલ છે. તેમજ ડિસ્પોઝલ ડીશ, ગ્લાસ, ચમચીનો ઉપયોગ કરવા જરૂરી સુચના આપવામાં આવેલ છે. તથા કુલ–૧૩ નોટીસ આપવામાં આવેલ છે

૧૧૩

<u>સુરત મહાનગરપાલિકા</u>

<u>યુ.સી.ડી. વિભાગ</u>

<u>અખબારી યાદી</u>

<u>સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ ઝોન વિસ્તારમાં તા. ૦૪/૦૫/'૧૭ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.</u>

**<u>વિષય</u> :- તા.૦૪/૦૫/'૧૭ ને ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન વોર્ડ.નં.૨૪ (લીંબાયત- ઉધનાયાર્ડ), વોર્ડ નં.૨૫(ગોડાદરા-ડીંડોલી (ઉત્તર)), વોર્ડ નં.-૨૬(ડીંડોલી (દક્ષિણ)) લીંબાયત ઝોન ઓફીસ, મોડલ ટાઉન રોડ, વાટિકા ટાઉનશીપ પાછળ, ડુભાલ, સુરત ખાતે યોજાનાર"સેવાસેતુ" કાર્યક્રમ બાબત.**

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૦૪/૦૫/'૧૭ ને ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન વોર્ડ.નં.૨૪ (લીંબાયત- ઉધનાયાર્ડ), વોર્ડ નં.૨૫(ગોડાદરા-ડીંડોલી (ઉત્તર)), વોર્ડ નં.-૨૬(ડીંડોલી (દક્ષિણ)) લીંબાયત ઝોન ઓફીસ, મોડલ ટાઉન રોડ, વાટિકા ટાઉનશીપ પાછળ, ડુભાલ, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ

સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં તા.૦૩/૦૫/૧૭ ના રોજ નાનપુરા વિસ્તારની આજુબાજુ આરોગ્ય વિભાગની સંકલિત ગૃપસફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે કામગીરીની વિગત નીચે મુજબ છે.

સદર ઝુંબેશમાં આરોગ્ય વિભાગના ૨૧ સુપરવાઈઝર સ્ટાફ તથા ૧૩૭ સફાઈ કામદારો ધ્વારા ૦૪ ટ્રેકટરો સાથે રાખી સદર અભિયાન હાથ ધરવામાં આવેલ હતું.

આરોગ્ય વિભાગ ધ્વારા ૩.૨૦૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૨ નોટીસ આપવામાં આવેલ તેમજ જાહેરમાં ન્યુસન્સકર્તા ૨૩ ઈસમ પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૮,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીક ૬.૩૦૦ કિ.ગ્રા. જપ્ત કરેલ છે તેમજ ૦૪ હોટલ/રેસ્ટોરન્ટ ચેક કરી ૧૪ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરેલ છે. આ ઉપરાંત ૦૩ ટ્રાફીક સર્કલ તથા ૦૧ પ્રતિમાની સફાઈ કરાવવામાં આવેલ છે. આ ઉપરાંત વિસ્તારમાં તથા કન્ટેનર સ્પોટની આજુબાજુ ૧૨૫૦ કિ.ગ્રા. જેટલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૧૧૧૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોનો સર્વે દરમ્યાન ૦૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. તેમજ મચ્છરજન્ય રોગોની ઉત્પત્તિસ્થાન નાશ સ્થળોની તપાસના ભાગરૂપે ૭૪ જગ્યાએ ઓવરહેડ તેમજ અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓનું ચેકીંગ કરવામાં આવેલ છે. ૦૬ ઈસમને નોટીસ આપવામાં આવી તથા રૂા.૪,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરેલ છે તથા ૦૮ જેટલા ટાયર, ૦૫ કેરબા, ડબ્બા ૦૪ તથા અન્ય સામાન–૧૬ મળી કુલ–૩૩ જેટલો સામાન જપ્ત કરેલ છે.

૧૧૫

# <u>પ્રેસનોટ</u>

## વેસ્ટઝોનમાં વગર લાયસન્સે પાણીનો ધંધો કરતા ઈસમ/સંસ્થા પર દંડકીય કાર્યવાહી.

વેસ્ટ ઝોન(રાંદેર)વિસ્તારમાં આજ તા. ૦૩/૦૫/૧૭ ના રોજ ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)ની સુચના મુજબ અને આરોગ્ય અધિકારીશ્રી અને એડી.સીટી.ઈજનેરશ્રી સાહેબના માર્ગદર્શન હેઠળ વેસ્ટઝોનના નાયબ આરોગ્ય અધિકારી દવારા મુખ્ય આરોગ્ય નિરીક્ષક અને અરોગ્ય નિરીક્ષકની ટીમ બનાવી સીધી દેખરેખ હેઠળ સવારે આરોગ્યલક્ષી સ્કવોડની કામગીરી કરવામાં આવેલ જે દરમ્યાન **"ન્યુ સુરત વોટર"**, દુકાન નં. ૭, પ્રિન્સ પાર્ક સોસાયટી, હનુમાન ટેકરી, જહાંગીરપુરા રોડ, સુરતનું ચેકીંગ હાથ ધરતા વગર લાયસન્સે ધંધો કરતા જણાતા લાયસન્સ કઢાવી લેવા નોટીશ આપી રૂ.૧૭૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ તથા વરિયાવ રોડ પરના હાર્ડવેર સ્ટોર્સને રૂ. ૪૦૦૦/- તથા અન્યો મળી કુલ રૂ. ૩૭,૨૫૦/- વસુલ કરવામાં આવેલ છે. વધુમાં અડાજણ વોર્ડમાં આવેલ શીતલ ચાર રસ્તાથી શાળા નં. ૯૦ થઈ રીવરફ્રંટ પાસે મકનજી પાર્કના ગેટ સુધીના વિસ્તારમાં ઘનિષ્ઠ સાફ સફાઈ કરાવવામાં આવેલ તેમજ કચરો કચરા પેટીમાં જ રાખી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની ગાડીમાં રાખવા માટે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ............ 0115
તા: ૦૩/૦૫/૨૦૧૭

"ઈન્ટરનેશનલ લેબર ડે" નિમિત્તે તા.૦૧/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનમાં કામદારોની મીટીંગનું આયોજન કરી સારી કામગીરી કરનાર કામદારને મહાનુભવોની હસ્તક સન્માન કરી એવોર્ડ આપવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/ર્કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૦૧/૦૫/૧૭નાં રોજ **"ઈન્ટરનેશનલ લેબર ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનમાં સફાઈ કામદારની મીટીંગનું આયોજન કરી કામગીરી બાબતે પ્રોત્સાહીત કરી સારી કામગીરી કરનાર કામદારને મહાનુભવોની હસ્તક સન્માન કરી એવોર્ડ આપવાની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૧/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ તેમનાં ઝોનમાં મહાનુભવોને આમંત્રિત કરી ઝોનમાં ફરજ બજાવતાં તમામ કેટેગરીનાં કામદારોને એકત્રીત કરી મીટીંગનું આયોજન કરવામાં આવેલ સદર મીટીંગમાં મહાનુભવો ધ્વારા જુદી જુદી કેટેગરીમાં ફરજ દરમ્યાન સારી કામગીરી કરનાર કામદારોને પ્રોત્સાહીત કરી સારી કામગીરી કરનાર કામદારોને તેમનાં ધ્વારા સન્માનિત કરી સન્માનપત્રક/ઈનામ વિતરણની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ મીટીંગમાં "સ્વચ્છ સુરત–સ્વસ્થ સુરત" બનાવી સમગ્ર ભારત દેશમાં અગ્રતાક્રમે લાવવા મહાનુભવો ધ્વારા હાંકલ કરી સ્વચ્છતા અંગેનાં શપથ લેવડાવવામાં આવેલ હતા.

| ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ મીટીંગની સંખ્યા | પ્રોગામમાં ભાગ લેનારની સંખ્યા | | | સન્માન કરવામાં આવેલ કામદારની સંખ્યા |
|---|---|---|---|---|
| | મહાનુભવો | કર્મચારી | કામદાર | |
| ૮ | ૨૪ | ૮૨ | ૩૯૬૫ | ૪૮ |

વધુમાં આ મીટીંગમાં હાજર રહેલ કામદારોને તેમની કામગીરી રહેણાંક વિસ્તારમાં વસવાટકર્તાઓનાં ઘરે ઘરે જઈ તેઓનાં ઘરોમાંથી નીકળતો સુકો/ભીના કચરાનું વર્ગીકરણ કરી તેનાં નિકાલ અર્થે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ આપવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપવવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૧૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૦૧/૦૫/૧૭નાં રોજ **''ઈન્ટરનેશનલ લેબર ડે''** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૨/૦૫/૧૭નાં રોજ દરેક ઝોન વાઈઝ સફાઈ/ડ્રેનેજ વિભાગ કેટેગરીનાં કામદારોને સેફટી કીટનું વિતરણ કરી ધનિષ્ઠ સફાઈ ઝુંબેશનાં પ્રોગ્રામની કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૨/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ સફાઈ/ડ્રેનેજ વિભાગમાં ફરજ બજાવતાં કામદારોનું ફરજ દરમ્યાન સ્વાસ્થય જોખમાઈ નહી તે માટે સેફટી કીટનાં સાધનો જેવા કે માસ્ક, હેન્ડ ગ્લોઝ, હેલ્મેટ, રીફલેકટર જેકેટ, બુટ વિગેરે સાધનોનું વિતરણ કરવામાં આવેલ ત્યારબાદ દરેક ઝોનમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા નિયત કરેલ વિસ્તારોમાં ધનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી તેમજ ડ્રેનેજ કામદારોની ટીમ દ્વારા મેનહોલ સફાઈ તથા મેઈન ડ્રેનેજ લાઈનો ચોકઅપ દુરસ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

| સફાઈ/ડ્રેનેજમાં આવરી લીધેલ કામગીરી | | | સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર સ્ટાફ | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| રસ્તા | મેનહોલ સફાઈ | ડ્રેનેજ ચોકઅપ | સુપરવાઈઝર | સફાઈ/ડ્રેનેજ | | |
| ૨૧ | ૧૭ | ૨૭ | ૨૮ | ૮૪ | ૧.૫૭૫ | ૮૮૫ |

વધુમાં હાજર રહેલ સુપરવાઈઝર દ્વારા આજુબાજુનાં રહેણાંક વિસ્તારમાં વસવાટકર્તાઓનાં ઘરે ઘરે જઈ તેઓનાં ઘરોમાંથી નીકળતો સુકો/ભીના કચરાનું વર્ગીકરણ કરી તેનાં નિકાલ અર્થે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ આપવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપવવામાં આવેલ હતું.

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૦૧/૦૫/૧૭નાં રોજ **"ઈન્ટરનેશનલ લેબર ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૩/૦૫/૧૭નાં રોજ ઝોન વાઈઝ ઈન્ડસ્ટ્રીયલ અને કોમર્શીયલ સ્થળોની આસપાસ હેલ્થ અને ઈજનેર વિભાગની સંકલિત ગ્રુપ સફાઈ કામગીરી કરવા જણાવવામાં આવેલ.

જે અંતર્ગત તા.૦૩/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનનાં કાર્યપાલક ઈજનેર/નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ ધ્વારા આરોગ્ય/ઈજનેર વિભાગની સંકલિત ટીમો બનાવી ઝોનમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ અને કોમર્શીયલ સ્થળોની આસપાસ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી કરાવી કચરો–કચરામિશ્રીત માટીઓ ઉપડાવી જંતુનાશક પાઉડર/દવાનો છંટકાવ અંગેની કામગીરી કરવામાં આવેલ.

| કોમર્શીયલ/ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારની સંખ્યા | આરોગ્ય/ઈજનેર સ્ટાફની સંખ્યા | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | કામદાર | | |
| ૧૪ | ૨૮ | ૧૧૨ | ૧.૩૦૦ | ૬૫૦ |

વધુમાં આ ટીમો ધ્વારા કોમર્શીયલ/ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં વસવાટકર્તાઓનાં ઘરે ઘરે જઈ તેઓનાં ઘરોમાંથી નીકળતો સુકો/ભીના કચરાનું વર્ગીકરણ કરી તેનાં નિકાલ અર્થે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ તેમજ આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપવવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

**<u>સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ઓપરેશન હેલ્થ કેરની કામગીરીના સંદર્ભે આદરેલી ઝુંબેશની અખબારી યાદી:-</u>**

મા.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિ.)ની સુચના મુજબ નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સા.વે.(અઠવા) ઝોન સંલગ્ન આરોગ્યવિભાગ તા.૦૩/૦૫/૧૭ના રોજ સાંજે ૬:૦૦ કલાકે ન્યુસન્સ ડીટેકશન સ્કોડની કામગીરી અંતર્ગત અલથાણ વોર્ડ, અઠવા વોર્ડ, કરીમાબાદ વોર્ડ દ્વારા ઘનિષ્ઠ ચેકીંગ હાથ ધરવામાં આવેલ**<u>. કુલ ૩૦ જેટલી સંસ્થા ચેક કરેલ જે પૈકી આરોગ્યલક્ષી ખામીઓ, ગંદકી બાબત તેમજ સફાઈ કરાવવા જેમાં કુલ-૦૫ ખામી વાળી સંસ્થા (૧) પીટીટ પોઈન્ટ હોટલ (૨) આલ્ફા હોટલ (૩) સુગર એન્ડ સ્પાઈસ, ચોપાટી (૪) મૈસુર કાફે (૫) શ્રી કૃષ્ણ હોટચીપ્સ પાસેથી રૂા. ૧,૦૦,૫૦૦/- વહીવટી વસુલાત વસુલવામાં આવેલ. તેમજ તમામ પાંચેય સંસ્થાને સફાઈ કરાવવા, આરોગ્યલક્ષી સુચનાઓનો અમલ કરાવવા બંધ કરાવેલ</u>** લોક જાગૃતિ અભિયાનમાં સદર વિસ્તારના લોકોને જાહેરમાં કચરો ન નાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે. તેમજ ખાણીપીણી ની સંસ્થાના માલિકને પીવાના કલોરીનેટેડ પાણીની વ્યવસ્થા કરવા, ડીસ્પોઝેબલ ગ્લાસ,ડીસનો ઉપયોગ કરવા તેમજ જરૂર જણાયે ત્યાં સાફ-સફાઈ/રંગ રોગાન કરાવવા માટે સખ્ત નોટીસ આપી અમલ કરાવવા જણાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.....0..1..1. 9
તા.૦૪/૦૫/૨૦૧૭

# પ્રેસ નોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા નોર્થ ઝોન વિસ્તારમાં તા.૦૪/૦૫/૨૦૧૭ ને ગુરૂવાર ના રોજ અમરોલી–ઉત્રાણ વોર્ડ વિસ્તારમાં આવેલ સતાધાર ચોકડી થી સુર્યનગર બન્નેબાજુ / ક્રોસરોડ થી ચારભૂજા સર્કલ બન્નેબાજુ / મનીસા ગરનાળા થી શીવનગર બન્નેબાજુ / શિવનગર થી સ્વસ્તીક કોમ્પલેક્ષ બન્ને બાજુ ના વિસ્તારમાં કરવામાં આવેલ સફાઈ ઝુંબેશ જેમા આરોગ્ય વિભાગ ધ્વારા અને એન્જીનીયરીંગ વિભાગની સંકલિત ગૃપ સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ હતી .

આરોગ્ય વિભાગ ધ્વારા ૧૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૪ નોટીસ આપવામાં આવેલ તેમજ જાહેરમાં ન્યુસન્સકર્તા ૫૦ ઈસમો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૨૪,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટિક ૧૪ કિ.ગ્રા. જપ્ત કરેલ છે. તેમજ **નાયબ આરોગ્ય અધિકારી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક તેમજ મદદનીશ આ.નિ. ધ્વારા રૂબરૂ સ્થળ તપાસ કરતા આ સંસ્થા માં ગંદકી જણાતા** આરોગ્ય લક્ષી ચકાસણી દરમ્યાન ૪૨ કિ.ગ્રા. અખાધ પદાર્થોનો નાશ કરેલ છે. તથા વી.બી.ડી.સી ધ્વારા પાણીજન્ય રોગો અને મચ્છરજન્ય રોગોની અટકાયત બાબતે પ્રચાર ધ્વારા પ્રસાર કરવામાં આવેલ છે. સ્થળ તપાસ દરમ્યાન મળેલ ૦૧ ડ્રેનેજ ઓવરફલોની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત વિસ્તારમાં તથા કન્ટેનર સ્પોટની આજુબાજુ ૨૪ .કિ.ગ્રા. જેટલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે. ડેબ્રીસના ઢગલાઓ ઉપાડવામાં આવેલ છે. .

વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૩૪૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૦૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોનો સર્વે દરમ્યાન ૦૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૨ ઈસમને નોટીસ આપવામાં આવી તથા **રૂા. ૬૦૦/–** વહીવટી ચાર્જ વસુલ કરેલ છે. તથા ૧૨ જેટલા ટાયર, કેરબા તથા ડબ્બા વિગેરેનો પડતર સામાન જપ્ત કરેલ છે. તેમજ મચ્છરજન્ય રોગોની ઉત્પતિસ્થાન નાશ સ્થળોની તપાસના ભાગરૂપે ૨૨૯ જગ્યાએ ઓવરહેડ તેમજ અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓનું ચેકીંગ કરવામાં આવેલ છે.

ઉપરોકત સફાઈ ઝુંબેશ દરમ્યાન આરોગ્ય વિભાગ ના સેનીટેશન અને વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ચકાસણી ખામી જણાતા કુલ્લે .**૫૨** ઈસમો પાસેથી વ.પ.ખર્ચ પેટે કુલ્લે ટોટલ **રૂા,૨૪,૬૦૦/–** વસુલ કરેલ છે.

૧૨૧

# <u>સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭માં સુરત શહેરે પ્રાપ્ત કરેલ ચોથા ક્રમાંક બાબત</u>

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્માગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" સંદર્ભે સમગ્ર ભારત દેશમાંથી કુલ ૫૦૦ નાના મોટા શહેરોને સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭ના સર્વેક્ષણમાં આવરી લેવામાં આવેલ, જે પૈકી ૪૩૨ શહેરોએ આ સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭માં ભાગ લીધેલ. આ સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭ ભારત સરકારશ્રીનાં શહેર વિકાસ મંત્રાલય ધ્વારા હાથ ધરવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૭/૦૧/૧૭ થી તા.૨૯/૦૧/૧૭ દરમ્યાન સુરત શહેર ખાતે સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭ હાથ ધરવામાં આવેલ હતું.

સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭ માટે તા.૦૪/૦૫/૧૭નાં રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલ સન્માન સમારોહમાં ભારત સરકારશ્રીના શહેરી વિકાસ મંત્રાલય દવારા સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭ના પરીણામની જાહેરાત કરવામાં આવેલ હતી. ભારત સરકારશ્રીના શહેરી વિકાસ મંત્રાલયના મા.મંત્રીશ્રી વૈકંયા નાયડુ ધ્વારા પ્રથમ દશ આવનાર સ્વચ્છ શહેરોની જાહેરાત કરવામાં આવેલ હતી. જેમાં આ ૧૦ શહેરો પૈકી સુરત શહેરને સ્વચ્છ શહેર માટે ૪ થો ક્રમ પ્રાપ્ત થયેલ છે. આ સન્માન સમારોહમાં સુરત મહાનગરપાલિકા તરફથી મા.મેયરશ્રીઅસ્મિતાબેન શિરોયા, મા.કમિશ્નરશ્રી એન. થેન્નારસન તથા સ્વચ્છ ભારત મિશનના સુરતના નોડલ ઓફિસર ડો.આશિષ કે. નાયક હાજર રહયા હતા. મા.મંત્રીશ્રી વૈકયા નાયડુના વરદ હસ્તે સુરત મહાનગરપાલિકાના મા. મેયર શ્રીમતિઅસ્મિતાબેન શિરોયા અને મા.કમિશ્નરશ્રી એન. થેન્નારસનને સન્માનિત કરેલ હતા.

અગાઉ સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૬માં કુલ ૭૫ શહેરોએ સ્વચ્છતા સર્વેક્ષણમાં ભાગ લીધેલ હતો. જેમાં સુરત શહેરને છઠ્ઠો ક્રમ પ્રાપ્ત થયેલ હતો. ચાલુ વર્ષનાં માહે જાન્યુઆરી–૨૦૧૭માં થયેલ સ્વચ્છતા સર્વેક્ષણનાં શહેરનાં જાગૃત નગરજનો, મ્યુ.પદાધિકારી, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારી/કર્મચારીગણ, નામાંકિત સ્વૈચ્છિક સંસ્થાઓ, શાળા કોલેજનાં શિક્ષકો/વિધાર્થીઓ વિગેરેનાં સાથ સહકારથી શહેરને વધુ સ્વચ્છ બનાવતા સ્વચ્છતામાં વધુ ગુણ પ્રાપ્ત કરી આજે સમગ્ર દેશમાં સુરત શહેરે ૪ થો ક્રમ પ્રાપ્ત કરેલ છે. ગત વર્ષમાં સને–૨૦૧૬માં ૨૦૦૦ ગુણ માંથી ૧૬૦૫ ગુણ મેળવેલ હતા. જેની સરખામણીમાં ચાલુ વર્ષ દરમ્યાન હાથ ધરવામાં આવેલ સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭ માં ૨૦૦૦ ગુણ માંથી ૧૭૬૧ ગુણ પ્રાપ્ત કરેલ છે. સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૬ના ક્રમાંક ૧ થી ૬વચ્ચે ૧૪૪ ગુણનો તફાવત હતો. સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭ના ક્રમાંક ૧ થી ૪ વચ્ચે કુલ ૪૫ ગુણનો તફાવત છે. સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૬માં સુરત મહાનગરપાલિકા દવારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજોના કુલ

૧૦૦૦ માંથી ૮૫૯, સ્થળ નીરીક્ષણના ૫૦૦ માંથી ૪૧૦, નાગરીક પ્રતિસાદના ૫૦૦ માંથી ૩૩૬ ગુણ પ્રાપ્ત થયેલ હતા. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭ માં સુરત મહાનગરપાલિકા દવારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજોના કુલ ૯૦૦ માંથી ૮૪૮, સ્થળ નીરીક્ષણના ૫૦૦ માંથી ૪૨૪, નાગરીકોના પ્રતિસાદના ૬૦૦ માંથી ૪૮૯ ગુણ પ્રાપ્ત થયેલ છે.

આજ રીતે હવે પછીનાં વર્ષમાં સ્વચ્છ સર્વેક્ષણમાં શહેરનાં તમામ નાગરીકો, સભ્યશ્રીઓ, નામાંકિત સ્વૈછિક સંસ્થાઓ, શાળા કોલેજોનાં શિક્ષક/વિદ્યાર્થી વિગેરેનો આવોજ સાથ સહકાર આપવા વિનંતી. જેથી સુરત શહેરને સ્વચ્છતાનો પ્રથમ ક્રમ પ્રાપ્ત થઈ શકે.

**"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છતા અંગે હાથ ધરવામાં આવેલ સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭માં સમગ્ર ભારત દેશમાંથી કુલ ૫૦૦ નાના મોટા શહેરો માંથી સુરત શહેરને ચોથો ક્રમાંક પ્રાપ્ત થયેલ છે.**




स्वच्छ सर्वेक्षण 2017
Swachh Bharat Mission - Urban, Ministry of Urban Development
4
India's Cleanest City
SURAT



# <u>પ્રેસનોટ</u>

**<u>વિષય</u>** : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૦૧ થી ૦૩–૦૫–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ઘ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૧૯૩ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૯૯૧કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાધ પદાર્થોનું ૫૫૧ સ્થળે ચેકીંગ કર્યુ, જે પૈકી૧૯૮ સંસ્થાઓને નોટીસ આપી તથા ૪૩સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાધ પદાર્થ વેચતી સંસ્થાઓ ૧૮૬ ચેકી કરી જે પૈકી ૪૬ સંસ્થાઓને નોટીસ આપીતથા ૧૨સંસ્થાઓને બંધ કરાવેલ હતી.દુધની ડેરી–૧૩૩ ચેકી કરી જે પૈકી ૨૭ સંસ્થાઓને નોટીસ આપી.બરફની ફેકટરી કુલ ૧૩ સંસ્થા ચેક કરી તે પૈકી ૬સંસ્થાઓને નોટીસ આપી.બરફનું વેચાણ કરનાર ૨૫સંસ્થા ચેક કરી જે પૈકી ૨૦સંસ્થાઓને નોટીસ આપીતથા ૨સંસ્થાને બંધ કરાવેલ હતી.

# સુરત મહાનગરપાલિકા અને રાજય સરકારની અસરકારક રજૂઆતના પરિણામે મોબાઈલ ટાવર કંપનીઓને વેરો ભરપાઈ કરવાની ફરજ પડી.

નામદાર સુપ્રિમ કોર્ટમાં સુરત મહાનગરપાલિકા દ્વારા એસ.એલ.પી. કરવામાં આવતા ડિસેમ્બર–૨૦૧૬માં નામદાર સુપ્રિમ કોર્ટે મહાનગરપાલિકા મોબાઈલ ટાવરની આકારણી કરી શકે એવો ઐતિહાસિક જજમેન્ટ આપેલ અને નામદાર હાઈકોર્ટનો ચુકાદો રદ કરેલ હતો. જેના પરિણામે સુરત મહાનગરપાલિકા દ્વારા પાછલી બાકી અને ચાલુ બાકી પેટે મોબાઈલ ટાવર કંપનીઓ પાસે અત્યાર સુધીના રૂા. ૮૦/– કરોડ ભરવા બિલ નોટીસ તેમજ વોરંટ બજાવવામાં આવેલ હતા.

મોબાઈલ ટાવર કંપનીઓ દ્વારા આ સંદર્ભમાં ૧૦ થી વધુ પીટીશનો ફરીથી હાઈકોર્ટમાં દાખલ કરેલ હતી. જે મહાનગરપાલિકા અને રાજય સરકારની અસરકારક રજૂઆતને પગલે તમામ પીટીશનો રદ કરવામાં આવેલ હતી.

મોબાઈલ કંપનીઓ દ્વારા અર્થઘટન સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં એકથી વધુ એસ.એલ.પી. ફરીથી કરવામાં આવેલ હતી. જેની સુનાવણી ૧૦, એપ્રિલ, ૨૦૧૭ના રોજ કરવામાં આવી હતી. નામદાર સુપ્રિમ કોર્ટમાં આ કેસો સંદર્ભમાં સુરત મહાનગરપાલિકા અને રાજય સરકારની અસરકારક રજૂઆતને નામદાર સુપ્રિમ કોર્ટે ગ્રાહય રાખતા તમામ મોબાઈલ કંપનીઓને ટેક્ષના બિલ સૌપ્રથમ ચૂકવણી કરવા આદેશ આપવામાં આવેલ છે. તેમજ આ ટેક્ષ જમા થયા પછી જ એસ.એલ.પી. દાખલ કરવા સંદર્ભમાં નિર્ણય કરવામાં આવશે એવો સ્પષ્ટ આદેશ આપેલ હતો.

નામદાર સુપ્રિમ કોર્ટના આવા સ્પષ્ટ નિર્દેશને પરિણામે સુરત મહાનગરપાલિકાએ આજ દિન સુધીમાં ચાર મોબાઈલ કંપનીઓ પાસેથી રૂા. ૪૧/– કરોડથી વધુનો વેરો વસુલ કરી શકાયો છે. તેમજ આગામી દિવસોમાં બાકીની કંપનીઓ પણ પૂરેપૂરો વેરો ભરપાઈ કરે તેવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ રીતે ૫ વર્ષની કાયદાકીય લડાઈ બાદ આજે સુરત મહાનગરપાલિકામાં ૪૧/– કરોડ ભરપાઈ થયેલ છે.

**સુરત મહાનગરપાલિકા**
**યુ.સી.ડી. વિભાગ**
**અખબારી યાદિ**

**સુરત મહાનગરપાલિકા સાઉથ ઈસ્ટ ઝોન વિસ્તારમાં તા. ૦૪/૦૫/૨૦૧૭ ના રોજ યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમની કામગીરીની વિગત.**

વિષય : તા. ૦૪/૦૫/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન લીંબાયત ઝોન ઓફિસ, મોડલ ટાઉન રોડ, વાટીકા ટાઉનશીપ પાછળ, ડુંભાલ, સુરત ખાતે યોજાયેલ સેવાસેતુની વિગત

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૦૪/૦૫/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન લીંબાયત ઝોન ઓફિસ, મોડલ ટાઉન રોડ, વાટીકા ટાઉનશીપ પાછળ, ડુંભાલ, સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમના સંદર્ભમાં પ્રાસંગીક ઉદબોધન કરતા લીંબાયત વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે જણાવ્યુ કે સેવાસેતુ કાર્યક્રમના પ્રથમ તબકકામાં ૬૫૦૦૦ થી વધુ લોકોએ વિવિધ સેવાઓનો લાભ મળવ્યો હતો તથા આ બીજા તબકકામાં આ ત્રીજા સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. વધુમાં ધારાસભ્યએ લોકોને વધુને વધુ લોકો સેવાસેતુમાં લાભ મેળવે તે માટે પ્રોત્સાહિત કરવા અપીલ કરી હતી. કાર્યક્રમના સંદર્ભમાં પ્રાસંગીક ઉદબોધન કરતા સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કે લોકોને વિવિધ પ્રમાણપત્રો મેળવવા પહેલા વિવિધ કચેરીઓમાં ધકકા ખાવા પડતા હતા તેથી લોકોમાં હતાષા વધતી જતી હતી. સેવાસેતુ કાર્યક્રમ થકી લોકોને તેમના જ વિસ્તારમાં પ્રમાણપત્રો પુરા પાડવા બીજા તબકકાનો આરંભ કર્યો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સુવ્યવસ્થિત આયોજન બદલ કર્મચારીઓની સેવાને બીરદાવી હતી. આ કાર્યક્રમમાં આવકાર પ્રવચન નેતાશ્રી, શાસકપક્ષ શ્રી ગીરજાશંકર મીશ્રાએ તથા આભારવીધી સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના અધ્યક્ષ શ્રીમતી રમીલાબેન પટેલે કરી હતી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં કોર્પોરેટરશ્રી વિજયકુમાર ચૌમાલ, શ્રી હિંમતભાઈ બેલડીયા, શ્રી દયાશંકર સિંહ, શ્રીમતી રીનાબેન ઉપાધ્યાય તથા શ્રીમતી જયશ્રીબેન પરાંતેએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા કુલ ૫૫ ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમાં દિવસ દરમ્યાન કુલ ૬૮૬ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ,

માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.





૧૨૫

**<u>પ્રેસનોટ</u>**

**<u>સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ઓપરેશન હેલ્થ કેરની કામગીરીના સંદર્ભે આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–</u>**

મા.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિ.)ની સુચના મુજબ નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સા.વે.(અઠવા) ઝોન સંલગ્ન આરોગ્યવિભાગ તા.૦૪/૦૫/૧૭ના રોજ સાંજે ૬:૦૦ કલાકે ન્યુસન્સ ડીટેકશન સ્કોડની કામગીરી અંતર્ગત કરીમાબાદ વોર્ડ દ્વારા ઘનિષ્ઠ ચેકીંગ હાથ ધરવામાં આવેલ**<u>. કુલ ૨૮ જેટલી સંસ્થા ચેક કરેલ જે પૈકી આરોગ્યલક્ષી ખામીઓ, ગંદકી બાબત તેમજ સફાઈ કરાવવા જેમાં કુલ–૦૫ ખામી વાળી સંસ્થા (૧)ઉમરા બેકરી (૨) જય અંબે ફરસાણ માર્ટ (૩) બોમ્બે પાન સેન્ટર (૪) નેચરલ સ્વીટસ (૫) અનિલ એજન્સી (ગણગોર સ્વીટ) પાસે કુલ રૂપિયા ૬૬,૫૦૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ તેમજ ૪૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ તેમજ અનિલ એજન્સી (ગણગોર સ્વીટ) સંસ્થાને બંધ કરાવવામાં આવેલ છે.</u>** લોક જાગૃતિ અભિયાનમાં સદર વિસ્તારના લોકોને જાહેરમાં કચરો ન નાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે. તેમજ ખાણીપીણી ની સંસ્થાના માલિકને પીવાના કલોરીનેટેડ પાણીની વ્યવસ્થા કરવા, ડીસ્પોઝેબલ ગ્લાસ,ડીસનો ઉપયોગ કરવા તેમજ જરૂર જણાયે ત્યાં સાફ–સફાઈ/રંગ રોગાન કરાવવા માટે સખ્ત નોટીસ આપી અમલ કરાવવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## વેસ્ટઝોન(રાંદેર)માં કાર્બાઈડમાં પકવેલા કેળા તથા ખરાબ થયેલ કેરીનો જથ્થો મળી આવતા ઈસમ/સંસ્થા પર દંડકીય કાર્યવાહી.

વેસ્ટ ઝોન(રાંદેર)વિસ્તારમાં આજ તા. ૦૫/૦૫/૧૭ ના રોજ ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ), આરોગ્ય અધિકારીશ્રી અને એડી.સીટી.ઈજનેરશ્રી સાહેબની સુચના મુજબ વેસ્ટઝોનના નાયબ આરોગ્ય અધિકારી દવારા મુખ્ય આરોગ્ય નિરીક્ષક અને અરોગ્ય નિરીક્ષકની ટીમ બનાવી સીધી દેખરેખ હેઠળ સવારે આરોગ્યલક્ષી સ્કવોડની કામગીરી કરવામાં આવેલ જે દરમ્યાન રાંદેર તાડવાડી વિસ્તારમાં આવેલ મોહનભાઈ ફ્રુટવાળાની કેળાની વખારમાં ચેકીગ હાથ ધરતા કાર્બાઈડમાં પકવેલ કેળાનો અંદાજે ૨૬૦ કી.ગ્રા. જથ્થો મળી આવતા રૂા. ૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરી તેનો નાશ કરવામાં આવેલ છે. વધુમાં કૃષ્ણનગર રોડ વિસ્તારમાં મહેન્દ્રભાઈ ઠકકરને ત્યાંથી ખરાબ થયેલ અંદાજે ૩૭ કી.ગ્રા. કેરીનો જથ્થો નાશ કરી સફાઈ બાબતે રૂા.૭૫૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરેલ આમ કુલ રૂા. ૩૨,૫૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામા આવેલ છે.

વધુમાં સુલ્તાનીયા ઝુપડપટ્ટી રાંદેર, પ્રેસ્ટીજ મનોહર રોડ, પાલ સ્વામિનારાયણ મંદિર રોડ, મેડીકલ કોલેજથી ઉગત ગામ એમ કુલ ચાર સ્થળે કુલ ૧૦૫ સફાઈ કામદરો તથા ૪ સુપરવાઈઝરની સીધી દેખરેખ હેઠળ આઠ ટ્રેકટર, એક જે.સી.બી., બે ટ્રક ધ્વારા સ્ક્રેપીગ બ્રશીગ તેમજ તળિયા ઝાટક સફાઈની કામગીરી કરી જંતુનાશક દવાનો છંટકાવ કરાવેલ છે. તેમજ આજુબાજુની સોસાયટીના રહીશોને કચરો સરેઆમના નાંખી ઘરમાં જ સુકા અને ભીના કચરા માટે બે પ્રકારની કચરાપેટી રાખી કચરાનો નિકાલ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનના વાહનમાં નાંખવા આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. .......0126
તાઃ૦૫/૦૫/૨૦૧૭

૧૨૭

# પ્રેસનોટ

## પશ્ચિમ ઝોન(રાંદેર)માં ટી.પી.સ્કીમ નં.૮(પાલનપોર)માં ટી.પી.રસ્તા તથા રિઝવેશનમાં ડિમોલેશન/દબાણ બાબત....

(૧) પશ્ચિમ ઝોન(રાંદેર)માં આવેલ ટી.પી.સ્કીમ નં.૮(પાલનપોર)માં આવેલ સુ.મ.પાના રિઝર્વેશન પ્લોટ, ફા.પ્લોટ.નં.૧૦૮ (પબ્લીક પર્પઝ)માં વર્ષો જૂનાં તબેલા તથા તેની સાથે રહેઠાણનાં કાચા/પાકા બાંધકામો માં આશરે ૨૦૦૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં આજરોજ દૂર કરી આશરે–૯૩૧૮ ચો.ફૂટ માપ વિસ્તારના રીઝર્વેશન પ્લોટનો કબજો લેવામાં આવેલ.

(૨) ટી.પી.સ્કીમ નં.૮(પાલનપોર)માં આવેલ કેનાલ રોડ ઉપર ટી.પી.રસ્તા ઉપર વર્ષો જૂનાં બાંધકામો તથા માર્જીનવાળા ભાગમાં કાચા/પાકા દબાણો કરી ઈસમો ટ્રાફીકને અડચણરૂપ બનતાં આવેલ. જેમાં રહેણાંક, દુકાનો તથા તબેલાંને આનુષાંગીક દબાણો કરવામાં આવેલ. અગાઉ આજ સ્થળે રસ્તા પૈકીમાં આવેલ દબાણો સુ.મ.પા ધ્વારા દૂર કરવામાં આવેલ. પરંતુ સ્થાનિક માથાભારે ઈસમો ધ્વારા ફરી પાછાં દબાણ તથા બાંધકામ કરી દેવામાં આવેલ. આજરોજ પશ્ચિમ ઝોન(રાંદેર) ધ્વારા નહેરને લાગુ ૧૫.૦૦ મી.ના ટી.પી.રોડ પર ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલ–૧૧ પાકી રૂમો, ૨–ભેંસના તબેલા, ભંગારના ગોડાઉન સહિતના કોમર્શીયલ તેમજ રહેઠાણનાં કાચા–પાકાં બાંધકામો દૂર કરવામા આવેલ. દરમ્યાન સ્થાનિક માથાભારે ઈસમો દ્વારા ભારે વાદવિવાદ, લોક ઉશ્કેરણી કરી વાતાવરણ તંગ બનાવી દેવામાં આવેલ, પરંતુ સુ.મ.પા ના સ્ટાફ ધ્વારા સમજાવટ પતાવટ દ્વારા સફળતાપૂર્વક કામગીરી પાર પાડવામાં આવેલ.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)નાં એડી. સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ, કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા સ્થળ પર હાજર રહી ૨–ડે. ઈજનેર, ૬–જુની. ઈજનેર / આસી ઈજનેર, ૧–ટેક. આસીટન્ટ, ૧–વિડીયો ગ્રાફર / ફોટોગ્રાફર, કુલ–૫૦ બેલદારો, કુલ–૫ મઝદા ગાડી / ટ્રક, ૨–જે.સી.બી., કુલ–૨૦ સિકયોરીટી સ્ટાફ / માર્શલ તેમજ રાંદેર ઝોનનાં શહેર વિકાસના સ્ટાફ, દબાણના સ્ટાફ તથા રાંદેર પોલિસ સ્ટેશનનાં ૧–પી.આઈ.શ્રી, ૧–પી.એસ.આઈ.શ્રી, ૧૦–પોલિસ કોનસ્ટેબલ, ૫–મહિલા કોનસ્ટેબલનાં સ્ટાફના સાથ અને સહકારથી કોઈપણ અણબનાવ ન બને તેની કાળજી લઈ સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

# પ્રેસનોટ

| | સુરત મહાનગરપાલિકા<br>માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમ |
|---|---|

**વિષયઃ માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ અને જગદીશચંદ્ર બોઝ એકવેરિયમના તા.૨૮/૦૪/૨૦૧૭ થી તા.૦૪/૦૫/૨૦૧૭ સુધીની કરેલ કામગીરી અને આવકની માહિતી**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૮/૦૪/૨૦૧૭ થી તા.૦૪/૦૫/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન (કતારગામ), ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૫૭,૨૪૪/- તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૯,૧૨૦ ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૦૭.૦૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૨૧.૪૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૮૨ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૭૯,૬૦૦/- ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ૦૬ પશુપાલકો સામે પોલીસ ફરિયાદ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૨૬,૧૪૦ અને ૯,૯૫૩ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૩,૩૦,૨૫૦/- અને રૂા.૩,૭૮,૦૮૦/- રકમ મળી કુલ રકમ રૂા.૭,૦૮,૩૩૦/- મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

# <u>પ્રેસનોટ</u>

**<u>સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ઓપરેશન હેલ્થ કેરની કામગીરીના સંદર્ભે આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–</u>**

મા.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિ.)ની સુચના મુજબ નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સા.વે.(અઠવા) ઝોન સંલગ્ન આરોગ્યવિભાગ તા.૦૫/૦૫/૧૭ના રોજ સાંજે ૬:૦૦ કલાકે ન્યુસન્સ ડીટેકશન સ્કોડની કામગીરી અંતર્ગત કરીમાબાદ વોર્ડ દ્વારા ઘનિષ્ઠ ચેકીંગ હાથ ધરવામાં આવેલ**<u>. કુલ ૩૨ જેટલી સંસ્થા ચેક કરેલ જે પૈકી આરોગ્યલક્ષી ખામીઓ, ગંદકી બાબત તેમજ સફાઈ કરાવવા જેમાં કુલ–૦૮ ખામી વાળી સંસ્થા (૧) મધુરમ પ્રોવિઝન સ્ટોર (૨) શ્રી મલ્લીનાથ પ્રોવિઝન સ્ટોર (૩) વી ઓફ યુ મલ્લીનાથ ફુકસ (૪) મિલ્ક પોઈન્ટ ડેરી (૫) આઝાદ આઈસ્ક્રીમ પાર્લર (૬) કર્ણાવતી દાબેલી (૭) ધી ફાયલ ટ્રીટ મલ્ટી કયુઝન રેસ્ટોરન્ટ (૮) શંભુભાઈ એમ. પાસે કુલ રૂપિયા ૫૦,૦૦૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ તેમજ ૧૦૮ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ તેમજ (૨) શ્રી મલ્લીનાથ પ્રોવિઝન સ્ટોર (૩) વી ઓફ યુ મલ્લીનાથ ફુકસ (૪) મિલ્ક પોઈન્ટ ડેરી (૫) આઝાદ આઈસ્ક્રીમ પાર્લર (૬) કર્ણાવતી દાબેલી સંસ્થાને બંધ કરાવવામાં આવેલ છે.</u>** લોક જાગૃતિ અભિયાનમાં સદર વિસ્તારના લોકોને જાહેરમાં કચરો ન નાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે. તેમજ ખાણીપીણી ની સંસ્થાના માલિકને પીવાના કલોરીનેટેડ પાણીની વ્યવસ્થા કરવા, ડીસ્પોઝેબલ ગ્લાસ,ડીસનો ઉપયોગ કરવા તેમજ જરૂર જણાયે ત્યાં સાફ–સફાઈ/રંગ રોગાન કરાવવા માટે સખ્ત નોટીસ આપી અમલ કરાવવા જણાવવામાં આવેલ છે.

૧૩૦

"ઈન્ટરનેશનલ લેબર ડે" નિમિત્તે તા.૦૪/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનમાં મોટા કન્ટ્રકશનની સાઈટ તથા જયાં મોટા પ્રમાણમાં મજુરોની વસાહતમાં જાહેર ગંદકી ન થાય તે માટે બેનરો સાથે રેલીનું આયોજન કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૦૧/૦૫/૧૭નાં રોજ **"ઈન્ટરનેશનલ લેબર ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૪/૦૫/૧૭નાં રોજ ઝોનમાં મોટા કન્ટ્રકશનની સાઈટ તથા જયાં મોટા પ્રમાણમાં મજુરોની વસાહતમાં જાહેર ગંદકી ન થાય અને ઓપન ડેફીનેશન ન થાય તે માટેની જનજાગૃતિ લાવવા બેનરો સાથે રેલીનું આયોજન કરી સ્વચ્છતા અને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવા જણાવેલ હતું.

જે અંતર્ગત તા.૦૪/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનનાં  મોટા કન્ટ્રકશનની સાઈટ પર તથા મોટા પ્રમાણમાં રહેતા મજુરોની વસાહતમાં જાહેરમાં ગંદકી ન થાય અને ઓપન ડેફીનેશન ન થાય તે માટે જનજાગૃતિ લાવવા ઝોનનાં કાર્યપાલક ઈજનેર/નાયબ આ.અધિકારીશ્રીઓ, આરોગ્ય/ઈજનેર વિભાગ તથા નગરજનોની સંયુકત ટીમો ધ્વારા પોસ્ટર/બેનરો સાથેની રેલીનું આયોજન કરી ઝોનમાં આવેલ ઉપરોકત સ્થળએ રેલીઓનું આયોજન કરી ધનિષ્ઠ પ્રચાર પ્રસાર કરવામાં આવેલ હતો. ત્યારબાદ આ ટીમો ધ્વારા મજુરોની વસાહતમાં આવેલ ઘરે–ઘરે ફરી પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા તથા જાહેર રસ્તા ઉપર ગંદુ પાણી કે એઠવાડ ન નાખવા તેમજ જાહેરમાં ઓપન ડેફીકેશન ન કરવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ તથા તે અંગેની સમજ આપવવામાં આવેલ હતી.

| ઝોન વિસ્તારમાં આવેલ કન્ટ્રકશન સાઈટ/મજુરોની વસાહત સંખ્યા | રેલીમાં ભાગ લેનાર | | | સમજણ આપવામાં આવેલ મજુરોની સંખ્યા |
|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | કામદાર | નગરજનો | |
| ૧૬ | ૩૮ | ૧૬૮ | ૭૩ | ૨૮૭ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

"ઈન્ટરનેશનલ લેબર ડે" નિમિત્તે તા.૦૫/૦૫/૧૭નાં રોજ દરેક ઝોન વિસ્તારમાં રહેણાંક ઘરોમાં સુકો અને ભીનો કચરો અલગ–અલગ કરવા ખાસ જનજાગૃતિ અભિયાન હાથ ધરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૦૧/૦૫/૧૭નાં રોજ "ઈન્ટરનેશનલ લેબર ડે" નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૫/૦૫/૧૭નાં રોજ ઝોનનાં રહેણાંક/ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં સુકો/ભીનો કચરો અલગ–અલગ રાખવા માટે જનજાગૃતિ અભિયાન હાથ ધરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૫/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય સેનીટેશન વિભાગનાં કર્મચારી/નગરજનો, N.G.Oની સંયુકત ટીમ બનાવી ઝોનમાં જુદાં જુદાં રહેણાંક વિસ્તારની વસાહત, સોસાયટી, મહોલ્લા વિગેરેમાં વસવાટકર્તાનાં ડોર ટુ ડોર જઈને આ ટીમ મારફતે તેઓ ઘરમાંથી નીકળતો સુકો/ભીનો કચરાનું વર્ગીકરણ કરી તેને રાખવા માટે અલગ અલગ ડસ્ટબીન રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ તેમજ આ પ્રકારની કાર્યવાહી કરવાની ખાસ જરૂરીયાત હોય તે માટેનું માર્ગદર્શન પણ આપવામાં આવેલ હતું.

| કચરો અલગ અલગ રાખવા માટેનું અભિયાન | સુકો/ભીનો કચરો અલગ–અલગ રાખવા માટે અભિયાનમાં ભાગ લેનાર | | | સમજણ આપવામાં આવેલ નગરજનોનાં ઘરની સંખ્યા |
|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | કામદાર | નગરજનો/N.G.O | |
| ૨૧ | ૩૧ | ૫૧ | ૭૯ | ૬૩૫૫ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0131

તા.૦૬/૦૫/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# <u>સુરત મહાનગર પાલિકા</u>
## <u>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી</u>
## <u>અખબારી યાદી</u>

# ડ્રાય ડે

## <u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **<u>તા.૦૬/૦૫/૧૭</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં ખાનસાહેબનું ભાઠું, ધાસ્તીપુરા,હબીબશાહ જમાલશા મહોલ્લો,કાદરશાની નાળ, ખંડેરાવપુરા, નાનપુરા, સહારા દરવાજાથી દિલ્હીગેટ, ફાલસાવાડી જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં બોમ્બે કોલોની,સંસ્કાર કોલોની ઝુપડપટ્ટી ઈ.ડબલ્યુ.એસ. આવાસ વૈષ્ણદેવી લાઈફસ્ટાઈલ, ઈ.ડબલ્યુ.એસ. આવાસસોમ ચિંતામણીની સામે,હિદાયત નગર સોસાયટી પ્રશાંતનગર સોસાયટી વિભાગ–૧,આંબેડકરનગર ઝુપડપટ્ટી જેવા વિસ્તારમાં, ઉધના ઝોનમાં પંચશીલનગર–૧,નાગસેન નગર એચ ૧૫ આવાસ એ અને સી બ્લોક,કેશવનગર,મહાલક્ષ્મી નગર, ઓમ સાંઈનગર,ઈશ્વરનગર,આર્શિવાદનગર જેવા વિસ્તારોમાં લિંબાયત ઝોનમાં રંગીલાનગર–૧, રણછોડનગર, દતાત્રેયનગર, રૂક્ષ્મણીનગર, સાંઈકૃપાનગર, ડુંભાલ ટેનામેન્ટ, ઓમનગર, ગાયત્રીનગર–૧,૨, સંતોષીનગર, ખોડીયારનગર, શિવનગર–૧,૨, શિવદર્શનસોસાયટી, લક્ષ્મીનારાયણ–૧, રઘુકુલનગર, જગદંબાનગર, અમિધારા નગર, મહાદેવનગર,મહાવીરનગર,શકિતનગર જેવા વિસ્તારોમાં અઠવા ઝોનમાં નિર્મળનગર, નિલમ સોસા. પાસેના ઝુંપડા પ્રજ્ઞાનગર,ઈ.ડ.એસ.કવાટર્સ પાણીની ટાંકી,સિધ્ધિ શેરી તડકેશ્વ વસાહત,સુધર્મ રેસી. પાછળ એસ.એમ.સી. આવાસ,માતા દિતાન સ્ટ્રીટ, ભીમપોર જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં નવી વસાહત સિંગણપોર ગામ,દરબારનગર,રેલરાહત કોલોની,શ્રીરામનગર ગુ.હા.બોર્ડ,એચ–ર આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં પરમહંસ સો., ન્યુ ગોકુલનગર, ટાગોરકોલોની,અશોકનગર, હળપતી વાસ,છીપવાડ મહોલ્લો, બાંગ્લાદેશ ઝું., રાજીવનગર, કૃષ્ણનગર,જય યોગેશ્વર સો., કૃષ્ણનગર સો.,માન સરોવર સો., આશીર્વાદ સો. જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **34897** | **74751** | **282** | **10144** | **692** | **1896** | **118** | **47600** | **74** | **28999** | **14647** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

૧૩૩

# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત "સમર કેમ્પ"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫ મે થી ૫ જુન ૨૦૧૭ તથા તા.૧૦ થી ૩૧ મે ૨૦૧૭ દરમ્યાન આયોજીત સમર કેમ્પ

સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા તા.૧૫/૦૫/૨૦૧૭ થી તા.૦૫/૦૬/૨૦૧૭ દરમ્યાન પરફોર્મીગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત તથા તા.૧૦ થી ૩૧ મે ૨૦૧૭ દરમ્યાન એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે અલગ અલગ વયગૃપ માટે "સમર કેમ્પ"માં વિવિધ કોર્ષ માટેનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | વિષય | વયગૃપ | પ્રવેશફોર્મ મેળવવા અને પરત કરવાનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | બાળ નાટ્ય શિબિર | ૭ થી ૧૪ વર્ષના બાળકો માટે | સાંસ્કૃતિક વિભાગ, ચં. ચી. મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, સુરત |
| ૨ | નાટ્ય શિબિર | ૧૫ વર્ષથી ઉપરના વયગૃપ માટે | |
| ૩ | સેમી કલાસીકલ ડાન્સ / ફોક ડાન્સ | ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે | |
| ૪ | વેસ્ર્ટન ડાન્સ | ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે | |
| ૫ | કથ્થક નૃત્ય | ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે | |
| ૬ | શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પ | ૧૪ વર્ષથી ઉપરના વયગૃપ માટે | |

આ સમર કેમ્પની વિવિધ કોર્ષમાં શહેરના નાટ્ય જગત અને કલા ક્ષેત્રના તજજ્ઞો પોતાના અનુભવનો લાભ આપી શહેરની ઉભરતી પ્રતિભાઓને ખીલવવા માર્ગદર્શન પુરુ પાડશે. સમરકેમ્પના વિવિધ કોર્ષના શિબિરમાં શિબીરાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે નિર્ધારીત ફી લઈને પ્રવેશ આપવામાં આવશે. સમર કેમ્પમાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં. ચી. મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, સુરત ખાતેથી મેળવી, શોર્ટ ફિલ્મ મેકીંગના તા.૦૯/૦૫/૨૦૧૭ અને અન્ય તમામ કોર્ષના પ્રવેશફોર્મ, પ્રવેશ ફી, ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી, પાસપોર્ટ સાઈઝ ફોટા સહિત તા.૧૨/૦૫/૨૦૧૭ સુધી ઉપરોકત કચેરીએ પરત કરવાના રહેશે.

# પ્રેસનોટ

## "લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત), કમરૂનગર આવાસમાં બિલ્ડીંગ નં.૧૬/બી, ફ્લેટ નં.૯ તથા ૧૯ આવાસનો કબજો લેવામાં આવેલ"

લિંબાયત, ટી.પી.સ્કીમ નં. ૩૯(ઉધના–લિંબાયત) ફા.પ્લોટ નં. ૪૧ આર–૨૧ સુમન અનમોલ કમરુનગર બિલ્ડીંગ નં.૧૬/બી, ફ્લેટ નં.૯ તથા ૧૯ ના આવાસની ફાળવણી મે.એડીસીટી ઈજનેરશ્રીને તા.૧૦/૦૩/૧૬ ની મંજુરી અન્વયે ૨દ કરવામાં આવેલ જે બાબતે તેઓને લિંબાયત ઝોન દ્વારા ફ્લેટ ખાલી કરવા અંગે તા.૧૨/૦૧/૧૭ તથા ૦૮/૦૨/૧૭ થી જાણ કરવામાં આવેલ તેમ છતાં તેઓ દ્વારા ફ્લેટ ખાલી કરાયેલ ન હોય અત્રેથી લિંબાયત ઝોન સ્ટાફ તથા ફળવાયેલ પોલીસ બંદોબસ્ત સ્ટાફ થકી ફ્લેટ નં. ૦૯ તથા ફ્લેટ નં. ૧૯ માં હાલમાં રહેતા અરજદારો પાસે પુરાવા માંગતા તેઓ આપી શકેલ ન હોય ફ્લેટ ખાલી કરાવવામાં આવેલ તેમજ જે લાભાર્થીઓને સદરહુ ફ્લેટ ફાળવવામાં આવેલ હતો તેઓને પ્રત્યક્ષ આવાસનો કબજો સોપવામાં આવેલ છે